RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 138 Date: 09.03.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

### સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો ચુકાદો પલટ્યો

## દરેક નાગરિકને સરકારના નિર્ણયની ટીકા કરવાનો અધિકાર : સુપ્રીમ



નવી દિલ્હી, તા. ૦૮

સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ને રદ કરવાની ટીકા કરનાર વ્હોટ્સએપ સ્ટેટસના આધારે એક પ્રોફેસર સામે નોંધાયેલી ફ્રૈંઈને રદ કરતા કહ્યુ કે દરેક નાગરિકને સરકારના કોઈ પણ નિર્ણયની ટીકા કરવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટે આ સાથે બોમ્બે હાઈકોર્ટના આદેશને પલટી દીધો. પ્રોફેસર જાવેદ અહેમદ હજામ સામે કોલ્હાપુરના હટકનંગલે પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૧૫૩ એ (સાંપ્રદાયિક વિસંગતતાને પ્રોત્સાહન આપવું) હેઠળ કેસ નોંધ્યો હતો. વ્હોટ્સએપ પર હજામે લખ્યુ હતુ કે પાંચ ઓગસ્ટ- કાળો દિવસ જમ્મુ-કાશ્મીર, ૧૪ ઓગસ્ટ- હેપ્પી ઈન્ડિપેન્ડન્સ ડે પાકિસ્તાન.સુપ્રીમ કોર્ટે કહ્યુ કે પાંચ ઓગસ્ટે જે દિવસે જમ્મુ-કાશ્મીરથી કલમ ૩૭૦ને હટાવવામાં આવી હતી તેને કાળો દિવસ તરીકે દર્શાવવો વિરોધ અને પીડાની અભિવ્યક્તિ છે. સુપ્રીમ કોર્ટે એ પણ કહ્યુ કે પાકિસ્તાનના લોકોને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ આપવી એક સદ્ભાવના સંકેત છે અને તેને વિભિન્ન ધાર્મિક જૂથો વચ્ચે દુશ્મનાવટ, દ્વેષ અથવા ખરાબ ઈચ્છાની લાગણીઓ પેદા કરવા માટે કહી શકાય નહીં. દરેક નાગરિકને અન્ય દેશોના નાગરિકોને તેમના સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવવાનો અધિકાર છે.જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેન્ચે કહ્યુ- ભારતનું બંધારણ, કલમ ૧૯(૧)(એ) હેઠળ, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ખાતરી આપે છે. આ ગેરંટી હેઠળ દરેક નાગરિકને કલમ ૩૭૦ ને રદ કરવા [illegible]ત સરકારના દરેક નિર્ણયની ટીકા કરવાનો અધિકાર છે. તેમને એ કહેવાનો અધિકાર છે કે તે સરકારના કોઈ પણ નિર્ણયથી નાખુશ છે.

## મોઈજ્જૂનો વધુ એક ભારત વિરોધી નિર્ણય, ભારતીય હેલિકોપ્ટરોનુ સંચાલન માલદીવની સેનાને સોંપી દીધું



માલે,તા.૮

માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જૂએ વધુ એક ભારત વિરોધી નિર્ણય લીધો છે. મોઈજ્જૂએ માલદીવમાં તૈનાત ભારતીય હેલિકોપ્ટરોનુ નિયંત્રણ માલદીવની સેનાને આપી દીધુ છે.

મળતી જાણકારી પ્રમાણે આ હેલિકોપ્ટરના સંચાલન અને તેના ક્રૂ મેમ્બર પર માલદીવની સેનાનો અધિકાર રહેશે.બીજી તરફ માલદીવ રાષ્ટ્રીય સુરક્ષા દળના ટોચના અધિકારી અહેમદ મોહ્મ?મદે મીડિયાને કહ્યુ હતુ કે, માલદીવથી ભારતીય સૈનિકોને ભારત પાછા મોકલવા માટેની ચર્ચા ચાલી રહી છે.

માલદીવના સરકારી મીડિયાના કહેવા પ્રમાણે મોઈજ્જૂની સરકાર ૧૦ મે બાદ કોઈ પણ વિદેશી સૈનિકોની માલદીવમાં તૈનાતી નહીં કરવા દેવા માટે મક્કમ છે.ભારતીય સૈનિકોને માલદીવમાંથી પાછા બોલાવવા અંગે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવકતાએ ૨૯ ફેબ્રૂઆરીએ કહ્યુ હતુ કે, હેલિકોપ્ટરોના સંચાલન માટે ભારતની ટેકનિકલ ટીમ માલદીવ પહોંચી ચુકી છે.આ ટીમ અત્યારે હેલિકોપ્ટરનુ સંચાલન કરી રહેલા કર્મચારીઓની જગ્યા લેશે.

## કોટામાં શિવજીની શોભાયાત્રામાં વીજ કરંટ લાગ્યો:હાઈટેન્શન લાઈનને ધજા અડી જતા દુર્ઘટના, ૧૪થી વધુ બાળકો દાઝી ગયા

રાજસ્થાનના કોટાના કુન્હાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે નિકળેલી શિવજીની શોભાયાત્રામાં વીજ કરંટ લાગતા દુર્ઘટના સર્જાઈ છે. વીજ કરંટના કારણે શોભાયાત્રામાં ૧૪થી વધુ બાળકો દાઝી ગયા હતા. જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. મામલો સગતપુરા ખાતેની કાલી વસાહતનો છે. મળતી માહિતી મુજબ, શોભાયાત્રા દરમિયાન અનેક બાળકો ધજા લઈને આવ્યા હતા.આ દરમિયાન આ ધજા હાઈ ટેન્શન લાઈનને અડી ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે જ્યાંથી શિવજીની શોભાયાત્રા પસાર થઈ રહી હતી ત્યાંથી પાણી પણ ભરાયેલું હતું. જેના કારણે કરંટ ઝડપથી પ્રસરી ગયો હતો. તમામ બાળકોને કોટાની સ્જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## ભારત આપણુ પરંપરાગત મિત્ર, ચીન કરતા અમેરિકા આગળ છે: કોંગ્રેસ સમક્ષ બાઈડનનુ સંબોધન

વોશિંગ્ટન,તા.૮

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને અમેરિકન કોંગ્રેસને કરેલા ત્રીજા સ્ટેટ ઓફ ધ યુનિયન...સંબોધનમાં ભારત સાથેની મિત્રાતા અ?ને ભાગીદારી પર ફરી એક વખત ભાર મુકયો છે.બાઈડને પોતાના વક્તવ્યમાં કહ્યુ હતુ કે, અમેરિકા અને ભારત દુનિયાના સૌથી મોટા બે



લોકશાહી દેશો છે. ભારત અને અમેરિકા પરંપરાગત રીતે આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદાર છે. ચીનના પડકારો વચ્ચે ભારત જેવા મિત્ર દેશો સાથે અમેરિકા પોતાની ભાગીદારી વધારે મજબૂત બનાવી રહ્યુ છે.ચીન પર પ્રહારો કરતા તેમણે જણાવ્યુ હતુ કે, તાઈવાન સાથે ચીન જે પ્રકારનો વ્યવહાર કરી રહ્યુ છે તે અમેરિકાને સ્વીકાર્ય નથી અને તાઈવાન સ્ટ્રેટમાં શાંતિ અને સુરક્ષા માટે અમેરિકા ચીનની સામે ઉભુ છે તેમજ ભારત સહિતના ક્વાડ દેશો





શિવરાત્રિના પાવન પર્વે ગાંધીનગર નજીક આવેલા ઘોળેશ્વર મહાદેવ મંદિર, વાસણિયા મહાદેવ મંદિર અને ગાંધીનગરના સેકટર – ૨૨ ખાતેના પંચદેવ મંદિર ખાતે શિવરાત્રિના મેળાનું આયોજન થાય છે. જ્યાં આસપાસના ગ્રામજનો સહિત સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં દર્શન કરવા આવતાં હોય છે. આગામી ટુંક સમયમાં લોકશાહીનો અવસર આવવાનો છે. આ અવસરમાં સર્વે મતદારો સહભાગી બને અને તેમને મતદાન અવશ્ય કરે તે અંગેની જાગૃત્તિ આપવા માટે મતદાન જાગૃતિના સેલ્ફી પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા હતા. શિવરાત્રિના પાવન પર્વે ભગવાન શિવના દર્શન કરવા આવતાં ભક્તોએ સેલ્ફી પોઈન્ટમાં સેલ્ફી લઈને મતદારોને જાગૃત્ત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. તેની સાથે સહી ઝુંબેશ પણ કરવામાં આવી હતી. જેમાં પણ ઘણા બધા નાગરિકો સહભાગી થઈ પાવન દિવસે લોકશાહીના અવસરને સાચા અર્થમાં ઉજાગર કરવા માટે મતદાન અચૂક કરશું, તેવા સંકલ્પ લીધા હતા.

## એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના ઘટાડાની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે કરોડો ગૃહિણીઓને મોટી ભેટ આપી છે. તેમણે એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના ઘટાડાની જાહેરાત કરી છે. લોકસભા ચૂંટણી પહેલા સરકાર તરફથી કરાયેલા આ નિર્ણયનો ફાયદો દેશના કરોડો પરિવારોને થશે.

શુક્રવારે સવારે પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે આજે મહિલા દિવસના અવસરે, અમારી સરકારે એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. તેનાથી નારી શક્તિનું જીવન સરળ થવાની સાથે કરોડો પરિવારોનો આર્થિક બોજો પણ ઓછો થશે. આ પગલું પર્યાવરણ સંરક્ષણમાં પણ મદદગાર બનશે. જેનાથી આખા પરિવારનું સ્વાસ્થ્ય સારું થશે.

નવી દિલ્હીમાં હાલ ૧૪.૨ કિલોવાળો ઘરેલુ સિલિન્ડરનો ભાવ ૯૦૩ રૂપિયા છે. હવે સરકારે ૧૦૦ રૂપિયાનો કાપ મૂકતા કિંમત ઘટીને ૮૦૩ રૂપિયા થશે. જ્યારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૩૦૦



રૂપિયા સબસિડી મળતા તેમના માટે આ ભાવ ૬૦૩ રૂપિયા થશે. નિયમ મુજબ સરકાર મળવા પાત્ર લાભાર્થીઓ માટે એક વર્ષમાં ૧૨ રિફિલ સુધી એલપીજી સિલિન્ડર માટે ૩૦૦ રૂપિયા સબસિડી આપે છે. આ અગાઉ ગુરુવારે સાંજે કેબિનેટની બેઠકમાં ઉજ્જવલા યોજના પર મળનારી ૩૦૦ રૂપિયા સબસિડીને એક વર્ષ માટે લંબાવવાનો નિર્ણય લેવાયો. હવે આ સબસિડી ૧ માર્ચ ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. જે હેઠળ ઉજ્જવલા યોજનાની લાભાર્થી મહિલાઓને વાર્ષિક ૧૨ સિલિન્ડર મળશે. યોજનાને એક વર્ષ લંબાવતા કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે કહ્યું કે કેબિનેટે પીએમ ઉજ્જવલા યોજનાના ગ્રાહકોને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી ૩૦૦ રૂપિયા સબસિડી આપવાનું ચાલુ રાખવાની મંજૂરી આપી દીધી છે.

## ઠંડીનો છેલ્લો રાઉન્ડ હજુ બાકી! પહાડોમાં વરસાદ સાથે ફરી હિમવર્ષા થશે

નવીદિલ્હી,તા.૮

વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે ત્યાર બાદ ગરમીની અસર શરૂ થશે. આગામી થોડા દિવસોમાં હળવા વરસાદ અને હિમવર્ષા સાથે ઠંડી ફરી એકવાર પાછી ફરી રહી છે.

માર્ચ મહિનામાં પણ ઉત્તર ભારતમાં ઠંડીની અસર જોવા મળી રહી છે અને પહાડોમાં હિમવર્ષાના કારણે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. જો કે હવામાન વિભાગનું કહેવું છે કે આગામી થોડા દિવસોમાં હિમવર્ષા અને ઠંડીથી રાહત મળશે પણ ૧૦ થી ૧૩ માર્ચની વચ્ચે ફરી એકવાર પહાડોમાં હળવો વરસાદ અને હિમવર્ષા થશે.

વાત એમ છે વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે. ત્યાર બાદ ગરમીની અસર શરૂ થશે. ઉત્તરાખંડમાં ૧૦ થી ૧૧ માર્ચ દરમિયાન હવામાન ફરી બગડવાનું છે. હળવા વરસાદ અને હિમવર્ષા સાથે ઠંડી ફરી એકવાર પાછી ફરી રહી છે. પહાડોથી મેદાની વિસ્તારોમાં ઠંડીની અસર જોવા મળશે. હવામાન વિભાગે આગામી સપ્તાહે રાજયભરમાં હળવો વરસાદ અને પહાડી વિસ્તારોમાં હળવો હિમવર્ષા થવાની આગાહી જારી કરી છે.

## ધોરણ ૧૦/૧૨ ની પરીક્ષા ના વિદ્યાર્થીઓ માટે

૧) તમામ વિદ્યાર્થીઓ પોતાની હોલ ટિકિટની ૨ ઝેરોક્સ કાઢીને રાખે.
૨) ઓરિજિનલ હોલ ટીકીટ ફાટે નહિ,ખોવાઈ જાય નહીં તેનું ધ્યાન રાખે.
૩) ઝેરોક્સ વાલીને મળે એ રીતે આપી રાખવી. આકસ્મિક સંજોગોમાં ઝેરોક્સ પર સહી સિકકા કરાવીને આગળ ઉપયોગમાં લેવી.
૪) પરીક્ષા વખતે દરેક પેપરમાં હોલ ટિકિટમાં જવાબવહી નંબર લખવા.અને સુપરવાઈઝરની સહી ભૂલ્યા વગર કરાવી લેવી.
૫) પરીક્ષા સ્થળ પર સમયસર પહોંચી જાવું. અપડાઉન વાળા વિદ્યાર્થી જલ્દી નીકળે ઘરે થી.
૬) ૧૦ તારીખે સ્થળ પર જઈને પોતાની બેઠક વ્યવસ્થા જોઈ લેવી.
૭) પોતાની જગ્યા પર શાંત ચિત્તે બેસવું. ઊંડા શ્વાસ લઈ મન શાંત કરવું. વાતો કરવી નહીં.વધુ પડતી હલનચલન કરવી નહીં.
૮) સુપરવાઈઝરની સૂચના ખાસ સાંભળવી.
૯) પ્રથમ ૧૫ મિનિટમાં પેપર શાંતિથી વાંચીને જવાબ યાદ કરી લેવા. સ્ઝ્ઞઊ શાંતિથી વાંચવા.શબ્દો પર ધ્યાન આપવું. સ્ઝ્ઞઊના જવાબ પેપરમાં ટિક કરવા નહિ. નહિ તો કોપી કેસ ગણાશે. અન્ય કોઈ લખાણ પેપર પર લખવું નહિ.
૧૦) અક્ષર સુંદર રાખવા.વધુ પડતી ચેકચાક કરવી નહીં.
૧૧) દરેક સેક્શન નવા પેજ પર શરૂ કરવો. બે સેક્શનના પ્રશ્નો મિક્સ ન કરવા. જો કોઈ પ્રશ્ન રહી જાય તો બાદમાં લખી લેવો. તેના માર્ક્સ ગણાશે. બસ આપનો પ્રશ્ન છૂટે નહિ તે ધ્યાનમાં રાખવું.
૧૨)૩/૪પેન,પેન્સિલ,કેલ્ક્યુલેટર,ઈરેઝર,શાર્પનર, સ્કેલ ટ્રાન્સપેરેન્ટ પાઉચમાં યાદ કરીને લઈ જાવું. બીજા પાસે કોઈ વસ્તુ માંગવી નહિ.
૧૩) દરેક પ્રશ્ન લખાઈ જાય એટલે એને પેપરમાં હલકી રાઈટ ટિક કરતા જાઓ. છેલ્લી ૧૫ મિનિટમાં ક્રોસ ચેક કરો કે કોઈ પ્રશ્ન લખવાનો છૂટી તો નથી ગયો ને? બાકી હોઈ તો પૂર્ણ કરો.
૧૪) બારકોડ સ્ટીકર અને ખાખી સ્ટીકર યોગ્ય જગ્યાએ લાગેલા હોવા જોઈએ. બારકોડ સ્ટીકર સુપરવાઈઝર જાતે લગાવશે. છેલ્લે લખેલ પેજની સંખ્યા સુપરવાઈઝરને લખાવી દેવી.
૧૫) પરીક્ષા બાદ પેપર પર ચર્ચા ન કરતા આગળના પેપરની તૈયારી કરવી. કોઈ પ્રશ્ન ન આવડે,છૂટી જાય તો તેની અસર બીજા પેપર પર ન પડે તે ધ્યાન રાખો.
૧૬) તમારી કરેલી આખા વર્ષની મેહનત રંગ લાવશે.પોતાના પર વિશ્વાસ રાખો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-




**NOG SS NO : 172**
વિષય : "શિવ-શક્તિ"
પ્રકાર : ગદ્ય
શીર્ષક : મહાશિવરાત્રીનું મહાત્મય
શબ્દો : ૨૭૦
નામ : પ્રતિક જે સોની 'નિશાન'

મહા વદ તેરસ એટલે મહાશિવરાત્રીનું પર્વ,દરેક મહિને શિવરાત્રી તો આવે જ છે પણ એમાં સૌથી મોટી રાત્રી એટલે મહાશિવરાત્રી.

મહાશિવરાત્રી એટલે શિવમય બનવાનો દિવસ.જીવ ને શિવમાં પરોવવાનો દિવસ.

વહેલી સવારથી જ શિવાલયોમાં હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદ સાથે ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડે છે.બધા શિવમંદિરોમાં લાંબી કતારો લાગી જાય છે નાના બાળકોથી લઈને મોટી ઉંમરના લોકો શિવમંદિરે જઈને જળ અર્પણ કરી શિવપરિવારના દર્શન કરીને ધન્ય થાય છે.અને પોતાની મનોકામના પરિપૂર્ણ થાય એવા આશિર્વાદ પ્રાપ્ત કરે છે.

શિવાલયોમાં શિવ સ્તુતિ,શંભુ શરણે પડી,ૐ નમઃ શિવાય અને મહા મૃત્યુંજયના મંત્ર અને વિવિધ ભજનથી આખું વાતાવરણ શિવમય બની જાય છે.લોકો શક્કરિયા બટાકા લઈને શિવપૂજામાં ધરાવે છે અને પછી મંદિરમાં પ્રસાદ રૂપે દરેક ભાવિક ભક્તોને આપે છે.દરેક મંદિરમાં આવતા દરેક ભક્તોને ભાંગની પ્રસાદી આપવામાં આવે છે તેનો આસ્વાદ લઈને શિવભક્તો તૃપ્ત થાય છે.

મહાશિવરાત્રીના દિવસે પૂજા અર્ચનાની સાથે સાથે ઉપવાસનું પણ ખૂબ જ મહત્વ રહેલું છે.મોટા ભાગના લોકો આ દિવસે શક્કરિયા અને બટાકા ની વાનગી આરોગીને ઉપવાસ કરતાં હોય છે.અને આખો દિવસ શિવજીની ભક્તિમાં લીન હોય છે.ઘણી જગ્યાએ મહિલા ભજન મંડળી દ્વારા બપોરે ભજનનું આયોજન કરવામાં આવે છે અને ભજન કીર્તન કરીને વાતાવરણ શિવમય બનાવતા જોવા મળે છે.

અમુક વિસ્તારોમાં રાત્રે મોટા પાયે ભજન સંતવાણીનું આયોજન કરવામાં આવે છે અને શિવજીના ભજન,સ્તુતિ અને ગીત ગાઈને વાતાવરણ ઉષ્માભર્યું અને ઊર્જાભર્યું થતું જોવા મળે છે.ઘણી જગ્યાએ ગામડામાં કે શહેરમાં શિવજીની સવારીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે,જાણે લાગે કે ભગવાન શિવ નગરદર્શન કરવા નીકળ્યા હોય.દરેક શિવમંદિરોમાં સાંજે મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવે છે અને મોડી રાત સુધી ભજન કીર્તન ચાલુ રાખવામાં આવે છે.

મહાશિવરાત્રી એટલે ભગવાન શિવની પૂજા ને આરાધનાનો દિવસ,એમની ભક્તિમાં રસતરબોળ થઈ જવાનો દિવસ..

પ્રતિક જે સોની 'નિશાન'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 202**
વિષયઃ વિશ્વ મહિલા દિવસ
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ "નારી તું નાં હારી"
લેખકઃ ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ)
રચનાઃ

"નારી તું નાં હારી"

રોજ સવારે વહેલાં ઉઠી મહેનત કરતી નારી,
જીવનપથ પર આવતાં કષ્ઠોથી તું નાં હારી.

તારો અનહદ પ્રેમ પરિવાર પર જાય તું વારી,
સદા તત્પર તું બધાંની સેવામાં કષ્ઠવેઠે ભારી.

પરિવારની ખુશીઓ જરૂરિયાતો કરતી તું પૂરી,
ઘર હોય કે નોકરી સૌ કામ સારી રીતે કરતી પૂરી.

ઘર, પરિવારને કુટુંબ માટે સદાય રહે તું તત્પર,
ગમે તેટલી તકલીફ હોય, રહે હસ્તેમુખે હાજર.

નોકરીને ઘરનાં કામકાજ કરી તું પણ જતી થાકી,
ઘરે આવીને વળગી જાતી બધાં કામકાજ જે બાકી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No 149**
વિષય વિશ્વ મહિલા દિન
શીર્ષક આજની નારી
શબ્દો ૩૫૦ પ્રકાર ગદ્ય
નામ પલ્લવી જોષી.સરિતા

નારી તું નારાયણી, નારી તું નવદુર્ગા સ્વરૂપા, નારી છે મહાન શક્તિ સ્વરૂપા. નારીના ઘણા બધા સ્વરૂપ છે ભગિની, ભાર્યા,માતા,દીકરી દરેક રીતે સ્ત્રી એના સંબંધ પ્રમાણે પરિવારના દરેક સભ્યને પ્રેમ કરે છે. પરિવારને એક જૂથમાં બાંધી રાખવાનું કામ એ એક સફળ નારી કરી શકે છે.

નારી કોને કહેવાય, તો કે જે"મકાનમાંથી ઘર બનાવે એ નારી "ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ પરિવારને અને પોતાના પતિને કહેને કે હું છું ને ચિંતા ના કરશો એ છે આજની નારી! પરિવાર માટે વહેલી સવારે ઉઠે અને રાત્રે મોડી સુવે એ નારી છે. પરિવારનાં દરેક સભ્યનું સવારે ઊઠે ત્યાંથી રાત્રે સૂતા સુધી ધ્યાન રાખે એ નારી છે. ઘરનાં બધાં કામ કરે બધાંનાં મન સાચવે, બધાંની ઈચ્છા પૂરી કરે એ નારી છે. સવારે ઊઠીને ચાર હાથનું કામ બે હાથે કરનાર બીજું કોઈ નથી સાહેબ આપણા ઘરની આપના પરિવારની નારી જ છે.

આટલો બધો ભોગ આપવા છતાં એને એવું સાંભળવા મળે કે તું શું કરે છે આખો દિવસ? ત્યારે એની શું હાલત થાય? શું એક સ્ત્રીનું જીવન આવું હોય છે? એને બસ બધાંની જરૂરિયાત પૂરી કરવાની બધાંના કામ જ કરવાનાં હોય છે. એક સ્ત્રીનું જીવન પર તંત્ર જ હોય છે એ ક્યારેય સ્વતંત્ર નથી હોતી?

બીજાને માટે જ એને જીવવાનું હોય છે, બીજાને માટે જ હંમેશા એને જીવન સમર્પિત કરી દેવાનું હોય છે? સ્ત્રી હંમેશા પોતાના કરતા પરિવાર માટે વધારે જીવે છે. એ નાની હોય છે ત્યારે માતા પિતાના કહ્યા મુજબ એને જીવન જીવવાનું હોય છે, પછી યુવાનીમાં સાસરીમાં પતિના અને સાસરીયાઓના મુજબ એને જીવવાનું હોય છે. પછી વૃદ્ધાવસ્થામાં દીકરાનાં કહ્યાં મુજબ જીવન જીવવાનું હોય છે. તો શું સ્ત્રીની પોતાની કોઈ મરજી, કોઈ ઈચ્છા, કોઈ સ્વતંત્રતા નથી હોતી ,કેમ બીજાને નિર્ભર રહેવાનું એનું કારણ શું?

નાની હોય છે ત્યારે પિયરમાં બધાં કહે છે કે સાસરિયે જવાનું છે.

પિયરથી બધું છોડીને સાસરીમાં આવે ત્યારે ત્યાં પણ મહેણાં ટોણાં સાંભળવાના કે તારા મા બાપે તને શું શીખવ્યું છે? કેમ આ બધું સહન કરવાનું એક સ્ત્રીના જ ભાગ્યમાં છે? આજની નારી એક અબલા નહીં પણ એક સબલા નારી છે. આજની નારી પુરુષ સમોવડી છે અને ના કેમ હોય ,હોવું જ જોઈએ. એને બીજા કશાની જરૂર નથી,બસ એને તો પ્રેમ, હૂંફ અને લાગણીની જ જરૂર છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO163**
પ્રકારઃપદ્ય રચના
વિષયઃમહિલા દિવસ
શબ્દઃ૧૦૨
લેખક નું નામઃશ્રીમતી મીનાક્ષી ત્રિવેદી 'મૌની' વડોદરા

આજની મહિલા
માતા..ભગીની..દીકરી રુપે,
ફરજ બજાવે હર સ્વરુપે..
ઔચિત્ય એનુ કરે ઉજાગર,
નારી તું ના હારી કદી..

શક્તિ હિંમત આશાની જ્યોતિ,
સુસંસ્કારની દેવી નારી..
સમય કસમય ને પારખનારી,
નારી તું ના હારી કદી..

પુરુષ પ્રધાન આ સમાજમાં,
સામ દામ દંડ ભેદ પ્રેમથી..!
જીવનરથ દોડાવતી,
નારી તુ ના હારી કદી..

ધૈર્ય અને નિષ્ઠાથી નારી,
ખભે ખભો મિલાવી..
ધર્મ એનો નિભાવતી..
નારી તું ના હારી કદી..
એટલેજ.....

દેશની મહિલાઓને,
માન આપી કરી આગળ..
મહિલા સશક્તિકરણની સાથે,
સ્થાન આપી યથાયોગ્ય,
મોદીજીએ કર્યો હુંકાર..

શ્રીરામ લલ્લાની સ્થાપના સાથે,
ઝગમગ દીવડા પ્રગટી રહ્યા..
એક અટૂટ વિશ્વાસ!
રામરાજ્ય રહેશે હંમેશા..
વિકાસને પંથે ભારત બનશે નંબર વન..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :**
શીર્ષકઃ- હે નારી તું ના હારી.
વિભાગ :- પદ્ય ( અછાંદસ કાવ્ય )

હે નારી તું નારાયણી તું શક્તિનો સ્રોત.
તું જ ને તું ઓળખજે તું જ સમાન ન કોય.

હે નારી તું જન્મદાત્રી, જોડ જડે ના તારી,
તું જ માં મમતા, તુજમાં ક્ષમતા, તુજમાં સહનશીલતા.

હે નારી તું સાવિત્રી, તું જ સીતા, ગીતા, મહાકાળી,
તું જ પવિત્ર જલ ધાર, તું જ માં સમુન્દ્રની ગહરાઈ.

હે નારી તું અબળા નહિ, પ્રલય નિર્માણ ગર્ભમાં તારા,
તારા ગુણ ગાનની ગાથા ગાતા સદા નર ને નારાયણ.

હે નારી તું કદી ના હારી, સમર્પણ તારું જાણે ત્રિલોક,
વિશ્વ કરે વંદન એ જ તારું સ્વાભિમાન જગત જનની.

હેમલતા દીવેચા ' હેમ ' જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO.:0101**
વિષયઃ વિશ્વ મહિલા દિન
પ્રકારઃ ગદ્ય લેખ. શબ્દઃ ૩૪૭
શીર્ષક : સ્ત્રી સમાનતાની વાતો અને સત્ય?
લેખનઃ ભરત સાંગાણી.

આંતરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલાં ૨૮મી ફેબ્રુઆરી ૧૯૦૯ના રોજ પહેલીવાર મનાવવામાં

આભાર - નિહારીકા રવિયા આવ્યો હતો. પછી, ૧૯૭૫થી સયુંકત રાષ્ટ્ર સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ દર વર્ષે ૮ માર્ચથી મનાવવાનું શરૂ થયું.

ઘણી સદીઓથી મહિલાઓ પોતાના અધિકાર માટે લડી રહી છે અને આજે પણ તે લડત ચાલુ છે.

મહિલાઓની અલૌકિક શક્તિઓનો ભારતીય ઈતિહાસ પણ સાક્ષી છે. જ્યારે જ્યારે પુરુષે પોતાને અસહાય, હતાશ કે નિરાશ અનુભવ્યો છે, ત્યારે ત્યારે તે નારીના શરણમાં આવ્યો છે.

ભલે, પુરુષો પોતાના અહંકારને કારણે સ્ત્રીને કમજોર કે અબળા કહેતો રહે, પરંતુ તેને નારી શક્તિનો એહસાસ તો છે જ.

ભારતમાં નારીને દેવી સ્વરૂપ માનવામાં આવે છે તો બીજી તરફ બહુધા, નવજાત છોકરીને 'દુધપીતી' કરવામાં આવે છે કે રસ્તાના કિનારે કે ક્ચરાના ઢગ પર મૃત અવસ્થામાં ત્યજી દીધેલી જોવામાં આવે છે.

વેદકાળમાં લગ્નવિધીનાં ૪૦ શ્લોકો મહિલા ઋષિ સૂર્યા સાવિત્રીએ લખ્યાં હતાં. તેમણે, લખ્યું છે કે લગ્નમંડપમાં આ ૪૦ શ્લોકોનું પઠન નહીં કરવામાં આવે તો તે લગ્ન અપૂર્ણ ગણાશે . પણ આપણો સમાજ આ ૪૦ શ્લોકોને હાંસિયામાં નાખીને વિમુખ થઈ ગયો છે. સપ્તપદીની બોલબાલા છે, ★ચટ મંગની પટ બ્યહા★ નો તમાશો પ્રવર્તે છે.

આપણાં, કર્મકાંડીઓએ જ મહિલા શક્તિને નિકૃષ્ટ સ્થાન આપીને અસમાનતા ઉભી કરી છે.

જે દેશમાં સત્તાવાર આંકડા મુજબ દર વર્ષે ૩૦૦૦૦ હજાર માતાઓને રેપ કરવામાં આવતી હોય, જે દેશમાં ખાપ પંચાયતો માતાઓને કોરડા ફટકારવાની સજા કરતી હોય, જે દેશમાં દહેજના નામે અને ડોમેસ્ટિક વાયોલન્સના કારણે અનેક સ્ત્રીઓ આપઘાત કરતી હોય , જે દેશમાં સ્ત્રીઓને શનિમંદિરમાં પૂજા કરવાનો અધિકાર ન હોય, જે દેશમાં અનેક મહિલાઓ સાથે અભદ્ર વ્યવહાર થતો હોય, જે દેશમાં પોલીસો, યુવાન માતાઓના વાળ ખેંચીને પિટતી હોય, જે દેશમાં સાત વરસની દીકરી સાથે નરાધમો રેપ કરતાં હોય, અનેક માતાઓનું ચારિત્ર્ય હનન મીડિયામાં થતું હોય, મહિલાના ચેહરા પર એસિડ ફેંકાતા હોઈ અને નરાધમો બહુધા છૂટી જતાં હોય, એ દેશમાં ભારત માતાની જય... બોલવાનો મને શું અધિકાર છે ??

આવો, આપણે બધાં મળીને મહિલા દિવસ પર સંકલ્પ લઈએ કે, આજથી અમે, બધી વયની સ્ત્રીઓનું સન્માન કરશું અને તેમની પ્રગતિમાં અવરોધ નહીં કરીએ. બધી જ જાતિ, ધર્મ, સમુદાય ની મહિલાઓ સમાન છે અને તેઓને સમાન અધિકાર પ્રાપ્ત થાય. મહિલા દિવસની શુભેચ્છાઓ સાથે વિરામ લઉં છું.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 196**
વિષય - વિશ્વ મહિલા દિવસ
શીર્ષક - સ્ત્રી શક્તિ
નામ - તન્વી શુક્લ

સ્ત્રી શક્તિ છે, કે સ્ત્રીમાં શક્તિ છે, કે પછી સ્ત્રી ખુદ શક્તિ માં છે. જે સમજો તે, બધું જ સ્ત્રી છે. પણ સ્ત્રી નાસમજ છે એમ ના સમજતા. જો કે, સ્ત્રીને સમજવું એ જેવા તેવા નું કામ જ નથી. સ્ત્રીને સમજવા માટે તો એક નિર્મળ છતાં પાષાણ હ્રદયની જરૂર છે. પરંતુ, એ બધા પાસે ક્યાં છે? એટલે જ તો, ઘણાં ખરાં એમ વિચારે છે કે, જવા દો ને એ તો સ્ત્રી છે એને નહીં ખબર પડે.... પણ વ્હાલા, એને નથી ખબર પડતી ને એમાં જ તમે સહી સલામત છો. જો એને ખબર પડી હોત ને તો તમે પણ તમારી જગ્યાએ ના હોત.

ખરેખર તો સ્ત્રીને સમજવાની જરૂર જ નથી. ખુલ્લી કિતાબ છે સ્ત્રી. પારદર્શક અરીસો છે સ્ત્રી. અંધકારમાં ઉજાસ છે સ્ત્રી. ઘરના ઉંબરાનો દીવો છે સ્ત્રી. ચંદ્રની ચાંદની સમી શીતળ છે સ્ત્રી. દુઃખમાં સાથ આપનાર હાથ છે સ્ત્રી. આંસુઓને લૂછનાર હાથરૂમાલ છે સ્ત્રી. પોતાની સાંત્વના, હિમ્મત અને ધીરજથી ખુશીઓ ફેલાવનાર શક્તિ છે સ્ત્રી. મકાનને ઘર બનાવનાર આત્મા છે સ્ત્રી. બાળકોની માતા, પતિની પત્નિ, માતાની લાડકી, પિતાનું ગર્વ, ભાઈની બહેન, સાસુ સસરાની વહુ.... જાણે કેટકેટલા રૂપમાં સર્વત્ર બિરાજમાન છે સ્ત્રી.

સ્ત્રી તો એવું ઘરેણું છે જે પોતાના દુઃખને હાસ્યમાં તબદીલ કરીને હંમેશા ચમકતું રહે છે. સ્ત્રી ક્યારેક પોતાના જીવનસાથીની હિંમત બને છે તો ક્યારેક પોતાના પાલવની મમતાથી બાળકનો સહારો બને છે. ક્યારેક પોતાના માતાપિતાના હાસ્યનું કારણ બને છે તો ક્યારેક પોતાની સાસરીના સંઘર્ષનું નિવારણ બને છે.

શું સ્ત્રીને કોઈ ખાસ દિવસ કે ઉજવણીની જરૂર છે ખરી? બિલકુલ નહીં. તેમ છતાં કોઈ એક દિવસને ખાસ બનાવીને સ્ત્રીને સમજવાનો પ્રયત્ન કરવાનો છે. કેમકે, તેનો આભાર માનવા માટે એક દિવસ તો ઓછો જ પડશે. જેના કારણે આપણા જીવનના દરેક દિવસો છે તેના માટે તો આભાર શબ્દ પણ નાનો લાગે. સ્ત્રીનો આદર કરવાં માટે શબ્દો ઓછા પડે. તેનું સન્માન કરવાં માટે કોઈ મેડલ, સર્ટિફિકેટ કે શિલ્ડ પણ નામનાં છે. વિશ્વની દરેક સ્ત્રીને સલામ ????.

તન્વી શુકલ..નડિયાદ..આભાર????

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'શિવ શક્તિ'
પ્રકાર :- પદ્ય-(છંદ)
શીર્ષક :- ''શંકરા શંકરા'' (શબ્દો :- ૨૦૦)
રચનાકાર : કવિશ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

સમન કરે સમનકરે, દુઃખનુ સમન કરે,
કળશ એક જળ ચડે, પ્રસન્ન થાય શંકરા.
શંકરા શંકરા, ત્રિશુલ ધારી શંકરા. (૨)

ત્રિદલ બીલ્વ પત્રથી, ખૂશ રહે છે શંકરા.
ધતુર પૂષ્પ પાવના, તે આશુતોસ શંકરા.
શંકરા શંકરા, પિનાકપાણી શંકરા.. (૨)

વિષ ધરે જે કંઠમાં, તે નિલકંઠ શંકરા,
ચિતા ભસ્મ ચોળીને, નૃત્ય કરે શંકરા.
શંકરા શંકરા, વિષ ધારી શંકરા. (૨)

રૂદ્ર માલા કંઠમાં, જટાજૂટ શંકરા,
ડમ્ ડમ્ ડમરૂ નાદ, અલખ નાદ શંકરા.
શંકરા શંકરા, રૂદ્રાક્ષ ધારી શંકરા. (૨)

નિરંકરા નિરંજના, નયન ત્રણ શંકરા,
બ્રહ્મ કરે છે સર્જના, વિસર્જના છે શંકરા,
શંકરા શંકરા, ત્રિનેત્ર ધારી શંકરા. (૨)

ડમક્ ડમક્, ડમકે નાદ, નટ નવિન શંકરા,
ત્રિવિધ ગુણ, ભુત ગણ, અપાર ગુણ શંકરા.
શંકરા શંકરા, ડમરૂ ધારી શંકરા (૨)

પરાત્પરમ્ પરમ્ ઈશ, પંચ મુખી શંકરા,
ધગ્દ ધગ્દ ધરા ધ્રુજે, મહાકાલ શંકરા.
શંકરા શંકરા, પ્રલયકારી શંકરા. (૨)

અર્ધ નારી નરેશ્વરમ્, અચ્યુત્ ગોત્ર શંકરા,
ચલિત લિંગ, સ્થિર લિંગ, જ્યોર્તિલિંગ શંકરા.
શંકરા શંકરા, યોગેશ્વર છે શંકરા (૨)

તક્ તક્ તક ત્રિપુંડ ધર, ત્રિપુર હર શંકરા,
વાઘામ્બરા, પિતામ્બરા, હર-હરિ છે શંકરા
શંકરા શંકરા, ત્રિપુંડ ધારી શંકરા. (૨)

મોહન બને જો મોહિની, તો મોહ પામે શંકરા,
ભષ્માસુર ભષ્મ થાયે, ભૂતનાથ શંકરા.
શંકરા શંકરા, કલ્યાણકારી શંકરા. (૨)

પંચ ભૂત વિસર્જને, મોક્ષ દાઈ શંકરા,
ભજે જો ભક્તિ ભાવથી, દર્શ દે શંકરા.
શંકરા શંકરા, મોક્ષદાઈ શંકરા (૨)

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૬૫ અને ચાંદીમાં રૂ.૨૬૯ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં રૂ.૭૯ની નરમાઈઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૨૯૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૬,૯૯૮ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧.૯૨ કરોડનાં કામકાજ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર શુક્રવારે શિવરાત્રિ નિમિત્તે જાહેર રજા હોવાથી પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યા હતા, જ્યારે બીજા સત્રનું ટ્રેડિંગ રાબેતા મુજબ ચાલુ રહ્યું હતું. બીજા સત્રની શરૂઆતમાં આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે રૂ.૮,૨૮૯.૩૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૨૮૯.૫૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૬૯૯૭.૯૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫,૫૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૫,૬૮૨ અને નીચામાં રૂ.૬૫,૫૬૮ ના મથાળે અથડાઈ, રૂ.૨૬૫ વધી રૂ.૬૫,૬૭૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૩ વધી રૂ.૫૧,૭૧૦ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૭ વધી રૂ.૬,૪૩૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭ વધી રૂ.૬૫,૪૯૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૫૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૬૦૨ અને નીચામાં રૂ.૭૪,૪૨૪ ના મથાળે અથડાઈ, રૂ.૨૬૯ વધી રૂ.૭૪,૫૮૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૫૦ વધી રૂ.૭૪,૫૫૨ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૬૯ વધી રૂ.૭૪,૫૫૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ માર્ચ વાયદો રૂ.૭૩૮.૪૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ વધી રૂ.૭૩૬.૮૫ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૨૦૩.૭૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ વધી રૂ.૨૨૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૨૦૩.૮૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ વધી રૂ.૧૮૧.૩૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૧.૩૫ વધી રૂ.૨૨૨.૫૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૨૫ અને નીચામાં રૂ.૬,૪૭૪ ના મથાળે અથડાઈ, રૂ.૭૯ ઘટી રૂ.૬,૪૭૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૮૨ ઘટી રૂ.૬,૪૭૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૩ના ભાવે ખૂલી, રૂ.૬.૫૦ ઘટી રૂ.૧૪૭.૫૦ અને નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૬.૫ ઘટી ૧૪૭.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૧૦૦ અને નીચામાં રૂ.૬૩,૧૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૨૦ વધી રૂ.૬૩,૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કોન્ટ્રેક્ટ દીઠ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૭૮.૬૭ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૦૫.૫૩ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૦૮.૯૭ કરોડનાં ૩,૦૦૫ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૯૧.૩૫ કરોડનાં ૧૪,૧૯૯ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૧.૨૧ કરોડનાં ૨૦૨ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૬.૨૨ કરોડનાં ૧૨૬ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૪૩.૧૬ કરોડનાં ૨૩૪ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૩.૮૫ કરોડનાં ૬૬૮ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ..૬૨ કરોડનાં ૨ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧.૯૨ કરોડનાં ૨૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૨૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૭૩૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૩૫ અને નીચામાં ૧૬,૭૦૩ બોલાઈ, ૩૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૪ પોઈન્ટ વધી ૧૬,૭૩૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૬૯૯૭.૯૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૬.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૬.૪૦ અને નીચામાં રૂ.૧૦૧ ના મથાળે અથડાઈ, રૂ.૩૮.૭૦ ઘટી રૂ.૧૦૫.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪.૫૦ અને નીચામાં રૂ.૩.૧૫ રહી, અંતે રૂ.૧.૯૦ ઘટી રૂ.૩.૨૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૦ અને નીચામાં રૂ.૨૯૭ ના મથાળે અથડાઈ, રૂ.૫૨.૫૦ વધી રૂ.૩૨૫ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૫ અને નીચામાં રૂ.૫૨૨ રહી, અંતે રૂ.૧૦૨ વધી રૂ.૫૬૩.૫૦ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૭૯ના ભાવે ખૂલી, રૂ.૧૧૦ વધી રૂ.૧,૭૪૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૧૪ વધી રૂ.૧,૬૮૩ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૬ વધી રૂ.૬.૪૯ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૬.૯૦ અને નીચામાં રૂ.૯૫ ના મથાળે અથડાઈ, રૂ.૨૯.૭૦ વધી રૂ.૧૨૧.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૪૫ અને નીચામાં રૂ.૬ રહી, અંતે રૂ.૩.૮૫ વધી રૂ.૯.૩૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦૫ અને નીચામાં રૂ.૪૪૬ ના મથાળે અથડાઈ, રૂ.૭૪ ઘટી રૂ.૪૫૪.૫૦ થયો હતો.



સુરત ખાતે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમાં બારડોલી વિધાનસભાના કોંગ્રેસના માજી ધારાસભ્ય શ્રી અને સુરત જિલ્લા પંચાયતના પૂર્વ આરોગ્ય સમિતિ તેમજ સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ,ગુજરાત સરકારના માજી મંત્રીશ્રી તેમજ ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના પ્રદેશના સંગઠન મંત્રી શ્રી પ્રવીણભાઈ રાઠોડ, તેમજ તેમના ૫૦૦ થી વધુ કાર્યકર્તાઓ આજરોજ ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત રીતે જોડાયા.આ કાર્યક્રમમા રાજ્ય સરકારના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ તેમજ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચાણસ્મા પંથકના શિવાલયોમાં ઓમ્ નમઃ શિવાયના નાદ ગુંજી ઉઠ્યા શોભાયાત્રા નીકળી

આજે ભગવાન શિવની આરાધના કરવાનો મહાપર્વ એટલે શિવરાત્રીનો દિવસ હોવાથી સમગ્ર સમગ્ર ગુજરાત ભરમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી તેમજ ચાણસ્મા પંથકમાં પણ ઠેર ઠેર આવેલ શિવાલયોમાં પણ હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી

મહા વદ ૧૩ ના પવિત્ર શિવરાત્રીના દિવસે ગુજરાતની અંદર આવેલ પ્રખ્યાત સ્વયંભૂ શિવાલયો તેમજ અન્ય શિવાલયોમાં ભગવાન શિવની વહેલી સવારથી જ દૂધાભિષેક તેમજ બિલ્લીપત્ર ચડાવી તથા હોમ હવન દ્વારા પણ પૂજા અર્ચના કરવામાં આવી હતી ત્યારે ચાણસ્મા ખાતે આવેલ વારાહી માતાજીના મંદિર પરિસરમાં મૃત્યુંજય મહાદેવ તથા વૈધનાથ મહાદેવ નો હોમાત્મક લધુરૂદ્ર કરવામાં આવ્યો હતો તથા અન્નકૂટ કરવામાં આવ્યો હતો તેમજ સાંજના સમયે સમૂહ આરતી કરવામાં આવી હતી તથા ચાણસ્મા શહેરની અંદર આવેલ પીપળેશ્વર મહાદેવ ની અંદર પણ રહેલી સવારથી જ ધાર્મિક વાતાવરણ સાથે ભગવાન શિવની પૂજા આરાધના કરતા ભક્તો જોવા મળ્યા હતા તદ ઉપરાંત સાંજના



## પીમ્પલેશ્વર મહાદેવ માં બ્રહ્મ ચોરાસી નું આયોજન કરાયું- બ્રહ્મા કુમારી સેનટર દ્વારા પણ ભવ્ય ઉજવણી કરાઇ.

સમયે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી પીપળેશ્વર મહાદેવ ની વાડી ની અંદર સમસ્ત બ્રાહ્મણ સમાજના લોકો દ્વારા બ્રહ્મ ચોરાસી નું આયોજન પણ કરવામાં આવ્યું હતું તેમજ ચાણસ્માથી મહેસાણા રોડ પર આવેલ ઝીલીયા ગામે સ્વયંભૂ શિવાલયનું મંદિર આવેલું છે જ્યાં વહેલી સવારથી શિવ ભક્તો ઉમટી પડ્યા હતા તથા ચાણસ્માની અંદર આવેલ બ્રહ્મા કુમારી સેન્ટર ખાતે થી ભગવાન શિવની ત્રિ મુર્તિ શિવલિંગ ની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં બ્રહ્મા કુમારી સંસ્થા ની બહેનો તથા ભાઈઓ જોડાયા હતા આમ સમગ્ર પંથકમાં બમ બમ ભોલેના નાદ ગુંજી ઉઠ્યા હતા આમ સમગ્ર પંથકમાં હર્ષોલ્લાસ સાથે શિવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી.

**શક્કરિયા ૩૦ થી ૪૦ અને બટાકા ૨૦ થી ૨૫ રૂપિયે વેચાયા.**

શિવરાત્રીના પર્વના દિવસે કંદમૂળો ખાવાની જુની પરંપરા છે આ કંદમૂળો ભગવાન શિવને પ્રાપ્ત કરવા માટે ઉપવાસ રાખે છે તેઓ દ્વારા શિવરાત્રીના દિવસે અલ્પાહાર તરીકે કરવામાં આવે છે ત્યારે આજરોજ શિવરાત્રીના દિવસે ચાણસ્મા ખાતે શક્કરિયા બટાકા ના ઢગલા જોવા મળ્યા હતા જેમાં શક્કરિયાનો ભાવ પ્રતિ કિલો ૩૦ થી ૪૦ અને બટાકા નો ભાવ પ્રતિ કિલો ૨૦ થી ૨૫ હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું

નિખિલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ

# વિશ્વ મહિલા દિન નિમિતે ,અતુલ્ય માતૃશક્તિ અને વિશ્વમાતા ગૌમાતાને ભાવ વંદના .....

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહમા તાલુકો જે હાલમાં અરવલ્લી જીલ્લાનો ભાગ છે , ત્યાનું નાનું એવું લક્ષ્મીપુરા ગામ. ગામમાં જાહેર કાર્યક્રમ બાદ એક કાર્યકર્તાના ઘેર જમવાનું થયું. સાંજે જમતી વખતે ઘરમાં કાર્યકર્તાએ અને તેમના પત્નિ બંને ભાવપૂર્વક અમોને જમાડી રહ્યા હતા. જમતા જમતા મારાથી સ્વાભાવિક પ્રશ્ન પુછાઈ ગયો. '' બહેન , કેમ બાળકો દેખાતા નથી ? '' બહેને ગરમાગરમ રોટલી જમાડતા આનંદ અને ગૌરવ સાથે જવાબ આપ્યો , × સાહેબ , અમારા બંને બાળકો માઉન્ટ આબુ ઇંગ્લીશ મીડીયમમાં ભણે છે ! સહ ''અભિનંદન પાઠવતા મે વળતો સવાલ કર્યો , ''બંનેને માઉન્ટ આબુમાં ભણાવવા તમને પોષાય છે ? '' ઘરની સામાન્ય સ્થિતિ જોતા એવું લાગતું હતું કે કુટુંબ બહું ધનાઢય નહિ હોય. છતા બાળકોને સારો અભ્યાસ મળે તે માટે માતા - પિતાની ભાવના વંદનીય હોય જ ! તુરત જ બહેન મને તેમના ફળિયામાં જ સામે કોઢમાં બાંધેલી ચાર ગૌમાતા તરફ આંગળી ચીધી કહે છે , ''સામે ઉભેલી ચાર ગૌમાતાના દૂધમાંથી જ અમારા બંને બાળકોનો વાર્ષિક ખર્ચ નીકળી જાય છે ! દશ વિઘા જમીનની પેદાશમાંથી જે આવક થાય તે વધારાની ! આનંદથી રહીએ છીએ અને તમારા ભાઈ થાય તેટલી સમાજસેવા કરે છે !'' મને થયું , વાહ , ગૌસેવા અને તેમાંથી આર્થિક ઉપાર્જન નું આથી ઉત્તમ દષ્ટાંત ક્યુ હોઈ શકે ?

ગો, ગંગા, ગાયત્રી , ગોવિંદ અને ગીતાની આ ભારતીય સંસ્કૃતિમાં ગાયને વિશ્વમાતા અને સર્વ સુખ પ્રદાયિની કહી છે. આપણી માતાની જેમ જ ગૌમાતા પણ વાત્સલ્ય અને કરૂણાની મૂર્તિ છે. અને તેથી જ માતા સમાન મહિલાઓ ગૌમાતાની સેવા , ગોપાલન અને ગૌસંવર્ધન ક્ષેત્રે વિશેષ યોગદાન આપે છે, જે આપણા સૌ માટે આશ્વાસનરૂપ છે. જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ. લતીપરની રાસ મંડળીએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હમણાં જ પુરસ્કાર મેળવ્યો છે. ત્યાંની



બહેનો ના અલગ અલગ ધૂન મંડળો , મહિલા મંડળો ગૌસેવા માટે પણ એટલા જ સમર્પિત છે. ગામની ગૌશાળાની ગાયો માટેના ચારાની ૮૦% ટકા જેટલી રકમની પૂર્તિ વાર - તહેવારે ધૂન - ગીત - ભક્તિગીતો કથા જેવા સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો દ્વારા ઉઘરાવી આ બહેનો જ કરે છે ! ધન્ય છે આ મહિલા મંડળોને ! ધર્મભકિત અને ગૌભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત !

એથી આગળ વધીએ ! જામનગર તાલુકાના ઈશ્વરીયા ગામની બહેનો મનીષાબેન ની આગેવાની નીચે મહિલામંડળી બનાવી પંચગવ્યનું ઉત્પાદન કરે છે. ગામની અને ગૌશાળાની ગાયો ના ગોમૂત્ર અને ગોબરમાંથી ગૌમૂત્ર અર્ક , ફીનાઈલ , સાબુ , શેમ્પુ , કીમ , ધૂપબતી, અગ્નિહોત્ર માટેની કેક , જંતુનાશક અને પંચગવ્ય દવાઓ અને સેન્દ્રીય ખાતર - બાયો ફર્ટિલાઈઝર, દેવી –દેવતાઓની મૂર્તિઓ, દીવાઓ જેવી અનેક બનાવટોનું ઉત્પાદન કરે છે. આ પેદાશોના વેચાણ માટે × ગોધન પંચગવ્ય મોલ'' પણ ઊભો કર્યો છે. ગૌસેવા દ્વારા સ્વાર્થ સાથે પરમાર્થ ! ગુજરાતની ગીર અને કાંકરેજ ગાય વિશ્વની શ્રેષ્ઠ ઓલાદ છે . ગીર ગાયનું દૂધ , દહીં , ઘી , ગોમૂત્ર અને ગોબર અમુલ્ય છે. આપણી દેશી ગાયનું દૂધ શ્રેષ્ઠ ઔષધ છે.

### આરોગ્યમ્ પરમ્ ધનમ્

## ભિલોડા તાલુકાના જાબચિતરીયા ગામમાં સામુહિક આરોગ્ય મેળાનો કાર્યક્રમ યોજાયો

મોડાસા તા.૦૭

આરોગ્ય વિભાગ અરવલ્લી જિલ્લા પંચાયત, મોડાસા, તાલુકા આરોગ્ય - કચેરી, ભિલોડા દ્વારા આયોજિત × તાલુકા આરોગ્ય મેળો ×તા. ૦૭/૦૩/૨૦૨૪ ને ગુરૂવારના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાબ ચિતરિયામાં યોજાયો હતો.આરોગ્ય મેળો પી. સી. બરંડા - ધારાસભ્ય - ભિલોડા - મેઘરજના અધ્યક્ષ સ્થાને, ડો. વી.સી.ખરાડી - તાલુકા આરોગ્ય અધિકારી, ભિલોડા, બાબુભાઈ - ઉપ પ્રમુખ એસ.ટી.સેલ - અરવલ્લી, સરપંચ સવિતાબેન જાબ ચિતરીયા, એ.પી.એમ.સી. ડિરેક્ટર - ભિલોડા - સરપંચ - ખોડંબા ગીરીશભાઈ, તજજ્ઞ ડો. ભિલોડાની ટીમે સર્વે મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરી આરોગ્ય મેળો ખુલ્લો મુક્યો હતો.ભિલોડા તાલુકા આરોગ્ય અધિકારી - ડો. વી.સી.ખરાડીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.સામુહિક આરોગ્ય મેળામાં ફિઝિશિયન ડો. ગુંજન પંડ્યા, ઓર્થોપેડિક સર્જન ડો. અભિષેક ગુર્જર, ઈ.એન.ટી. સર્જન ડો. રોનક બોડાત, સ્રી રોગ નિષ્ણાંત ડો. ચિરાગ, ડો. રામાણી, બાળરોગ નિષ્ણાંત ડો. સુનિલ મહેશ્વરી, ચામડીના રોગોના નિષ્ણાંત ડો. રાજેશ પટેલ, આંખોના નિષ્ણાંત ડો. જનક પટેલ તેમજ રક્તદાન કેમ્પ માટે હાઈ-ટેક વોલેન્ટરી બ્લડ બેંક, મોડાસા, રાજેશ પટેલે હાજર રહી નિઃશુલ્ક નિદાન, સારવાર, સલાહ આપી હતી.આરોગ્ય મેળામાં ૩૫૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# મહિલા પોલીસ સ્ટેશન દ્વારા ઘર-કંકાસ અને પતિ-પત્ની વચ્ચેના ઝઘડાનું સુખદ સમાધાન કરાવાય છે



દર વર્ષે ૮ માર્ચને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ જેન્ડર ઈક્વાલિટી, મહિલાઓ સામે હિંસા અને દુર્વ્યવહાર જેવા મુદ્દાઓ પર ધ્યાન દોરવાનો છે. આ મહિલાઓના અધિકારો અને સશક્તીકરણ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ રોકવા અને જે ગુનાઓ થયા છે, તેનો ઝડપી નિકાલ કરવા માટે ગુજરાત સરકારે ''અભયમ હેલ્પલાઈન'' શરૂ કરી હતી. ડિસેમ્બર ૨૦૨૩ સુધી ગાંધીનગરમાં અભયમ હેલ્પલાઈન પર કુલ ૨૮,૦૪૮ ફોન કોલ્સ આવ્યા છે. જેમાંથી ૨૨,૫૪૫ ફોન કોલ્સ એવા હતા કે, જેનો નિકાલ ફોન પરથી જ કરાયો, જ્યારે ૫૫૦૩ ફોન કોલ્સ એવા હતા કે, જેમાં સ્થળ પર જઈને નિકાલ કરાવ્યો. ત્રણ વર્ષની વાત કરીએ તો, કુલ ૧૫,૯૧૦ કોલ્સ આવ્યા હતા. જેમાંથી ૧૩,૩૭૧ કોલ્સનો ફોન પર નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ૨૫૩૯ કોલ્સનો સ્થળ પર જઈને નિકાલ કરવામાં આવ્યો.મહિલા પોલીસ સ્ટેશન ઓક્ટોબર ૨૦૨૩ સુધી ૭૮૪ અરજીઓ આવી હતી, જેમાંથી માત્ર ૫૨ કેસો જ દાખલ કરવામાં આવ્યા હતા. બાકીના ૭૩૨ અરજીઓને કાઉન્સિલિંગ કરીને, સમાધાન કરીને કે કોર્ટ દ્વારા ઉકેલાઈ હતી. મહિલા પોલીસનો પ્રયત્ન હોય છે કે, બંને પરિવારો વચ્ચે સમાધાન કરાવીને પરિસ્થિતિ ઠીક કરી શકાય.

## મારામારીમાં ઘવાયેલા યુવાનનું મોત, બનાવ હત્યામાં પરિણમ્યો

ભાવનગરઃ શહેરના છેવાડે આવેલા ઈન્દીરાનગરમાં ઠપકો આપ્યાનું સમાધાન થયા બાદ એક શખ્સે યુવકને છરીનો ઘા ઝીકી ગંભીર ઈજા પહોંચાડયાની ઘટનામાં ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મૃત્યુ થતા મામલો હત્યામાં પરિણમ્યો હતો. જેથી વરતેજ પોલીસે હાલ જિલ્લા જેલમાં રહેલા શખ્સ સામે હત્યાની કલમનો ઉમેરો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના આખલોલજકાતનાકા, શીતળા માતાજીની દેરી પાસે, આખલોલજકાતનાકા ખાતે રહેતો પ્રકાશ ઉર્ફે પકો કાનજીભાઈ બોરીચા નામનો શખ્સ તે જ વિસ્તારમાં રહેતા બદાભાઈ ઉર્ફે હીરાભાઈ મકવાણાના ઘર પાસેથી અવાર-નવાર બાઈક લઈ નીકળી હોર્ન મારતો હોય, જેથી દોઢેક માસ પૂર્વે આ શખ્સને આધેડે ઠપકો આપ્યો હતો. જે મામલે બન્ને પક્ષે ઘરમેળે સમાધાન થયા બાદ ગત તા.૨૬-૨ના રોજ સાંજના સમયે પ્રકાશ ઉર્ફે પકો બોરીચા નામના શખ્સે ઠપકો આપ્યાની દાઝ રાખી ખુલ્લી છરી લઈ ઘર પાસે આવી ગાળો બોલી જાનથી મારી નાંખવા ધમકી આપી બદાભાઈના પત્ની જયાબેનને પાટું મારી તેમના દિકરા કિશનભાઈ (ઉ.વ.૧૮)ને છરીના ઘા ઝીકી દીધા હતા. આ મારામારીના બનાવમાં લોહિયાળ ઈજા પામેલા યુવાન કિશનભાઈ મકવાણાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા આજે તા.૭-૩ને ગુરૂવારે બપોરે ૩-૨૦ કલાકે ઈજાગ્રસ્ત યુવાનનું સર ટી.હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મૃત્યુ થતા મામલો હત્યામાં પરિણમ્યો હતો.

# ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને સાંસદશ્રી પરબતભાઈ પટેલે તળાવોમાં નર્મદાનું પાણી આવતાં કર્યા વધામણાં

રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં પાણી અને સિંચાઈની સમસ્યાના નિવારણ માટે ઉનાળાની શરૂઆત સાથે નર્મદાના નીરથી ગામ તળાવો ભરવાના આયોજનને પગલે આજે થરાદ તાલુકાના તળાવોમાં નર્મદાનું પાણી છોડાતાં ગામેગામ નવા નીરના વધામણાં કરી ઉજવણી કરવામાં આવી હતી.

આજે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને સાંસદશ્રી પરબતભાઈ પટેલના હસ્તે ગામ તળાવોમાં નર્મદાનું પાણી પોંહચતા તેના વધામણાં કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ઉનાળાની શરૂઆત સાથે તળાવો ભરવાની રાજ્ય સરકારની પહેલને ગ્રામજનોએ આવકારી હતી. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને સાંસદશ્રી પરબતભાઈ પટેલનો આભાર માન્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા થરાદ-સીપુ પાઈપલાઈનમાં



રૂ.૫૫૧.૪૦ કરોડના ખર્ચ થકી જિલ્લાના ૩૯ ગામના ૧૦૬ તળાવો તથા જળાશયના જોડાણ થકી કુલ ૧૨,૪૮૧ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ/પરોક્ષ રીતે સિંચાઈના લાભ હેઠળ આવરવાનું આયોજન છે. આ મુખ્ય પાઈપલાઈનની બંન્ને બાજુમાં આવતાં ગામોના તળાવો લિંક પાઈપ નાખીને ભરવામાં આવશે. જેનાથી થરાદ તાલુકાના ૧૫ ગામનાં ૪૭ તળાવો, લાખણી તાલુકાના ૯ ગામના ૧૯ તળાવો, ડીસા તાલુકાના ૧૨ ગામના ૩૫ તળાવો અને દાંતીવાડા તાલુકાના ૨ ગામના ૫ તળાવો ભરવામાં આવશે. જ્યારે થરાદથી સીપુ સુધીના

**★નર્મદાના નીર થી તળાવો છલકાયા : થરાદ-સીપુ પાઇપલાઇન થકી જિલ્લાના ૩૯ ગામના ૧૦૬ તળાવો ભરાશે★**

**★ઉનાળાની શરૂઆત સાથે તળાવોમાં નર્મદાના નીર પહોંચતાં સ્થાનિકોમાં આનંદ★**

૭૦ ગામોના તળાવો ભરવાની યોજના છે.

નોંધનીય છે કે સરહદી વિસ્તાર બનાસકાંઠામાં ઉનાળાની સિઝનમાં પાણીની મુશ્કેલી થતી હોય છે જે મુશ્કેલી આજે સરકારની યોજનાથી દૂર થઈ છે. ઉનાળાની કાળઝાળ ગરમી અને પાણી સરહદી વિસ્તારના તળાવોમાં આવતા લોકોમાં ખુશી છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને સાંસદશ્રી પરબતભાઈ પટેલના પ્રયાસોથી આ વિસ્તારમાં ચાલુ વર્ષે ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની સમસ્યા ન રહે તેવા ઉમદા હેતુથી તળાવો ભરવામાં આવતાં સમગ્ર પંથકમાં ખુશી અને આનંદની લાગણી છવાઈ ગઈ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.